Item No: 39.24

ભરતી નિયમોમાં વયમર્યાદા નિયત કરવા બાબત.

12975

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૬-૧૦-૨૦૧૫

**વંચાણે લીધાઃ-** સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ/૩૩/૨૦૧૫/ સીઆરઆર-૧૧-૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૬-૧૦-૨૦૧૫

**ઠરાવઃ-**

માન.મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે રાજ્યની તમામ ભરતી પ્રક્રિયામાં એસ.સી.-એસ.ટી, ઓ.બીસી અને બિન-અનામત દરેક વર્ગની હાલની મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય લેવાયેલ છે. આ નિર્ણય અન્વયે સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલા તા.૬-૧૦-૨૦૧૫ના જાહેરનામાથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૮(૯) તથા નિયમ-૮(૧૦)માં સુધારો કરી સીધીભરતી માટેની મહત્તમ વય-મર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવામાં આવેલ છે. આ જાહેરનામાની જોગવાઇ મુજબઃ-

(૧) જે જગ્યાના ભરતી નિયમોમાં ફકત સ્નાતકની શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય અને મહત્તમ વયમર્યાદા ૩૦ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૩૫ વર્ષની ગણાશે.

(૨) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત એટલે કે ડીપ્લોમા, ધોરણ-૧૨ અથવા ધોરણ-૧૦ની શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવી હોય અને મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૩૩ વર્ષની ગણાશે.

(૩) આ વયમર્યાદાનો લાભ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને મહિલા અનામતને હાલમાં મળતી વયમર્યાદાના લાભ ઉપરાંતનો રહેશે.



૨૩૭૮/૨૦૩
તા.૧૩/૧૦/૨૦૧૫

૨. વધુમાં નીચે મુજબની વિગતે ભરતી નિયમોમાં વયમર્યાદામાં સુધારો કરવા અંગેની દરખાસ્ત તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી સુચના આપવામાં આવે છે.

(૧) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય પરંતુ આવી શૈક્ષણિક લાયકાત સાથે અનુભવની જોગવાઇ નિયત કરવામાં આવેલ હોય અને જે તે જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ ૨૮ વર્ષ કરતા વધુ વયમર્યાદા નિયત કરવામાં આવેલ હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં વયમર્યાદા સુધારવા અંગેની દરખાસ્તો.

(૨) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા વધુ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય અથવા સ્નાતકની શૈક્ષણિક લાયકાત સાથે અનુભવની જોગવાઇ નિયત કરવામાં આવેલ હોય અથવા સ્નાતક કરતા વધુ શૈક્ષણિક લાયકાત અને અનુભવની જોગવાઇ નિયત કરવામાં આવેલ હોય અને આવી જે તે જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ ૩૦ વર્ષ કરતા વધુ વયમર્યાદા નિયત કરવામાં આવેલ હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં વયમર્યાદા સુધારવા અંગેની દરખાસ્તો.

(૩) જે જગ્યાના ભરતી નિયમો એક્ટની જોગવાઇ હેઠળ મળેલ સત્તાની રૂએ બનાવવામાં આવ્યા હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં વયમર્યાદા સુધારવા અંગેની દરખાસ્તો.

૩. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮માં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્ત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે

૪. આ વિભાગના તા.૬-૧૦-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ / ૩૩ / ૨૦૧૫/સીઆરઆર-૧૧-૨૦૦૮-૨૮૨૩ ૨૩-ગ.૫ થી વયમર્યાદામાં કરવામાં આવેલ સુધારો, જે સંવર્ગની ભરતીની જાહેરાત આવી ગઇ હોય પરંતુ અરજી સ્વીકારવાની

તારીખ વિતી ગયેલ ન હોય તેવી ભરતીને પણ આ સુધારો લાગુ પડશે. આવા કિસ્સામાં વ્યક્તિગત ધોરણે જે જગ્યાના ભરતી નિયમોમાં સુધારો કરવાપાત્ર થતો હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં સુધારો કરવા અંગેની દરખાસ્ત દિન-૨માં જ સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Patel

(એમ.એમ.પટેલ)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો
  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.
- વેબ માસ્ટર સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઇલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા

D:\JITENDRA-2013\G-5-2015\RULE-8(9) AND 8(10) AGE LIMIT\THARAV-6-10-15.doc

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

ભરતી નિયમોમાં વયમર્યાદા
નિયત કરવા બાબત...

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ

(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ.

(3) તમામ આચાર્ય/ડીન્સ.

(૪) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ સારૂ.

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૧૧૯-૩૭-૪૩ /૨૦૧૫
તા.૦૬/૧૧/૨૦૧૫

<u>નકલ રવાના:</u>

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, આ.કૃ.યુ. આણંદ

(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

(3) આ કચેરીની એડીએમ શાખા-૨ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૫/૨૩૭૮/મ.3
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૧૦/૨૦૧૫

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

➤ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ